Volume 1, Issue 8
March
2025

# HARIRAJ CHARITABLE TRUST

## NEWS AND UPDATES

૨૬ - ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

આ મહિને ૫ કેન્દ્રોના ૧૨૫ બાળકોનું એન્ડલાઈન મૂલ્યાંકન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. ભાંકોદર અને ભેરાઈ કેન્દ્રોના બાળકોએ વેસ્ટ માંથી બેસ્ટ એવી સુંદર કાગળની થેલીઓ અને પક્ષીઓના માળાઓ બનાવીને તેમની સર્જનાત્મકતા દર્શાવી. બાળકોએ ધુળેટી તહેવારની ઉજવણીમાં ભાગ લીધો અને બદલાતી ઋતુની ભાવનાને નવી ઉર્જા સાથે સ્વીકારી.









Share your review

www.hariraj.org    info@hariraj.org

આ મહિને, અમે પીપળવા ગામમાં 'જેન્ડર શિક્ષણ' કાર્યક્રમનો ફાઉન્ડેશન કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો, જેમાં ૪૦ કિશોર છોકરાઓને સામેલ કરવામાં આવ્યા. વધુમાં, એક્શન કોર્સમાં, અમે મોડ્યુલ ૯ અને ૧૦ પૂર્ણ કર્યા છે. હાલ અમે કિશોર છોકરાઓને આગામી લાઈવ એક્શન ઈવેન્ટ માટે ફોકસ ગ્રુપ ડિસ્કશન (FGDs) કરવા માટે તૈયાર કરી રહ્યા છીએ. જેઓ સમુદાય સાથે નજીકથી કામ કરશે.






વડોદરા જીલ્લાના સેગવા ગામે તા. ૦૫/03/૨૦૨૫ ના રોજ પ્રાથમિક શાળાના બાળકો માટે હેલ્થ કેમ્પનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું. જેમાં શાળાના બાળકોને આંખોના નંબર, બ્લડ ગ્રુપ તેમજ જનરલ ચેકઅપ કરવામાં આવ્યું.








બુજેઠા ગામે પીપળીયા, બુજેઠા, ટાંકા, લીમપુર, તલાવપુર અને બગલીપુરના ખેડૂતો માટે તેમજ ભુમસીયા ગામે ભુમસીયા, સોમપુરા અને અકોટી ગામના ખેડૂતો માટે બાયોચારની તાલીમનું તા. ૦૬/૦૩/૨૦૨૫ના રોજ આયોજન થયું. બાયોચરની ઊંડાણ પૂર્વક ખેડૂતોને સમજ પૂરી પાડી, બાયોચારની ઓળખ, બાયોચાર બનવાની અલગ અલગ ચાર પદ્ધતિઓ (૧) ઢગલા પદ્ધતિ, (૨) શંકુ ખાડો (૩) ડ્રમ પદ્ધતિ અને (૪) કોન ટીકી પદ્ધતિ વિશે વિસ્તૃત ચર્ચા કરી. બાયોચાર કેવી રીતે કામ કરે છે? PH વેલ્યું અને કપાસના છોડને અસરકાર ફાયદાઓ. બાયોચાર સાથે જીવામૃત ,લીમડાના પાન, અળસિયાનું ખાતર અને માટીનો બહુસ્તર બનવાનીને ૧ - ૨ મહિના રાખી મૂકવું ત્યાર પછી ખેતરમાં ઉપયોગ વિશે માહિતી આપી. ત્યારબાદ IEC મટીરીયલ વિતરણ કર્યું અને શંકુ ખાડા પદ્ધતિનો પ્રેક્ટીકલ ડેમો કરીને ખેડૂતોને બતાવ્યો.








HARIRAJ
CHARITABLE TRUST

NEWS AND UPDATES

Volume 1, Issue 8

March 2025

## વાંચન સત્ર

આ મહીને કુલ ચાર વાંચન સત્રો યોજવામાં આવ્યા જેમાં તા. ૦૭/૦૩/૨૦૨૫ ના રોજ એકવીસમી સદીમાં સમય બચાવનાર સૂચનો જોયા. જેમાં અઘરા અને મહત્વના કામો પહેલા કરવા, કામના કલાકો ઓછા કરવા, ઈચ્છાશક્તિને દઢ બનાવતા પડકારો સ્વીકારતા રહો, સમયને બચાવતી બાબતો શીખતા રહો અને વિકસાવતા રહો વગેરે વાતો પર ચર્ચાઓ થઇ અને જીવનમાં ક્યાં જોડી શકીએ તેવી ચર્ચાઓ કરી. તા. ૧૪/૦૩/૨૦૨૫ ના રોજ એકવીસમી સદીમાં સમય બચાવનાર સૂચનો જોયા જેમાં બેઠકમાં વ્યક્તિગત સુધારણા, સાંસ્કૃતિક અને સમય વ્યવસ્થાપન સહિત જીવનની વિવિધ ચર્ચાઓ થાય છે. જૂથ અને ગાંધીજીના સિદ્ધાંતો, સંચાર પર ટેક્નોલોજીનો પ્રભાવ અને વ્યક્તિગત વાતચીત સાથે મોબાઇલ ફોનનો ઉપયોગ કરવા માટે મહત્વની ચર્ચા થઇ. સત્ય, આત્મ-વિકાસ, યોજના અને સમયના કુશળ ઉપયોગની સાથે-સાથે સરળ, કેન્દ્રિત કાર્યની આવશ્યકતા પર ભાર મૂકે છે. તા. ૨૧/૦૩/૨૦૨૫ના રોજ નેતૃત્વ તથા મેનેજમેન્ટનું પૂર્ણ રૂપે રીકેપ કર્યું અને જીવનમાં ઉતારવામાં ક્યા ક્યાં મુશ્કેલી જણાઈ તેની વાત, લાગણીઓનું બેંક એકાઉન્ટ નવા ચેપ્ટરની શરૂઆત કરી અને એક પતિ-પત્નીના જીવનની સ્ટોરી પર ચર્ચાઓ થઇ. તેમજ ૨૮/૦૩/૨૦૨૫ના રોજ સંબંધોમાં સફળતા માટેની વાતો તથા જ્યાં સુધી આપણે પોતાને પ્રેમ કરતા નથી ત્યાં સુધી આપણે બીજાને પ્રેમ કરી ના શકીએ તથા સ્વમાનને લઈને તમામ સહભાગીઓએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા.



HARIRAJ
CHARITABLE TRUST

NEWS AND UPDATES

Volume 1, Issue 8

March 2025

## લેખન સત્ર

કુલ બે લેખન સત્રો યોજાયા જેમાં તા. ૦૪/૦૩/૨૦૨૫ ના રોજ હેલ્થ કેમ્પ રીપોર્ટ લાઠી, લાઠી વીટીસી તાલીમ અહેવાલ, બેટર કોટનની લોકભારતી સણોસરા મુકામે યોજાયેલ ત્રણ દિવસીય કાર્યશાળાનો અહેવાલ અને માટી પરીક્ષણ રિપોર્ટ જેવા રિપોર્ટનું વાંચન તથા ચર્ચાઓ કરવામાં આવી. તા.૧૮/૦૩/૨૦૨૫ના રોજ કેન્સર ડીટેકશન કેમ્પ - દામનગર, માયધરનો પ્રેરણા પ્રવાસ તેમજ શક્યતાઓની શક્તિ જેવા રીપોર્ટનું વાંચન કરવામાં આવ્યું તથા સુધારવા અને શીખવા જેવી બાબતો પર ચર્ચાઓ કરી.







Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2024 TOP-RATED NONPROFIT